# ૧૭ જુલાઇ – ૨૦૧૬ (રવિવાર)

**(૧) વર્લ્ડ ઇમોજી ડે :**

– ૧૭ મી જુલાઇએ ઇમોજી ઓપરેટિંગ સિસ્ટમમાં દાખલ થયા હોવાથી આ દિવસ ઉજવાય છે.

**(૨) વિજેન્દરસિંહ – બોક્સર**

– ભારતીય બોક્સર વિજેન્દરસિંહ ડબલ્યુબીઓ એશિયા પેસિફિક સુપર મિડલવેઇટમાં ચેમ્પિયન બન્યો.

– ટાઇટલ માટેના મુકાબલામાં વિજેન્દરે ઓસ્ટ્રેલિયાના કેરી હોપને હરાવ્યો હતો.

– આ સાથે વિજેન્દરે સતત સાતમી પ્રોફેશનલ ફાઇટ જીતી.

(૩) ‘ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા :

– કેન્દ્ર સરકાર દ્વારા લોકોની વાત સાંભળવા ‘ટ્રાન્સર્ફોમિંગ ઇન્ડિયા વેબસાઇટ લોન્ચ કરાઇ છે.

– વેબસાઇટમાં નાગરિકોને તેમની વાત કહેવા માટે એક સેક્શન અપાયું છે.

(૪) તુર્કીમાં સત્તાપલટાનો નિષ્ફળ પ્રયાસ :

– તુર્કીમાં લશ્કરની એક ટુકડીએ બળવો કરીને તખ્તો પલટી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

– રાજધાની અંકારા અને ઇસ્તંબુલના રસ્તા પર બખ્તરબંદ ગાડીઓ, ટેન્કો ખડકાવી હુમલો કર્યો હતો.

– આ ઉપરાંત લશ્કરના બળવાખોરોએ હેલીકોપ્ટરથી પણ હુમલો કર્યો હતા.

– સંસદ પર પણ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. તથા તુર્કીના સરકારી કાર્યાલય ઉપર પણ કબજો મેળવી લેવામાં આવ્યો હતો.

– આ બધું થયા બાદ રાષ્ટ્રપતિ અંદાગને ટીવી, ટ્વિટર અને બલ્ક એસ.એમએસ દ્વારા નાગરિકોને લોકતંત્ર અને શાંતિ માટે ઉઠવાની અપીલ કરી હતી.

– ત્યારબાદ હજારોની સંખ્યામાં તુર્કીઓ રસ્તા પર આવી ગયા હતા અને બળવાખોર લશ્કર પર તુટી પડ્યા હતા.

– અંતે જનતાની તાકાતથી લશ્કરના બળવાખોરોએ પાંચ કલાકમાં હથીયાર હેઠા મૂક્યાં

– આ ઘટનામાં ૨૫૬ થી વધારે લોકો માર્યા ગયા હતા તથા ૧૫૦૦ થી વધુ લોકો ઘવાયા હતા.

પ્રશ્નો :

(૧) ૧૭ જુલાઇના રોજ કયો દિવસ મનાવાય છે ?

– વર્લ્ડ ઇમોજી ડે

(૨) તાજેતરમાં ભારતીય પ્રોફેશનલ બોક્સર વિજેન્દરસિંહ કયું ટાઇટલ જીત્યું ?

– ડબલ્યુબીઓ એશિયા પેસિફિક સુપર મિડલવેઇટ

(૩) તાજેતરમાં કેન્દ્ર સરકારે લોકો તેમની વાત રજુ કરી શકે તે માટે કઇ વેબસાઇટ લોન્ચ કરી ?

– ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા

(૪) તાજેતરમાં કયાં દેશમાં લશ્કર દ્વારા સત્તા પલટાનો નિષ્ફળ પ્રયાસ કરાયો ?

– તુર્કી

(૫) તુર્કીની રાજધાની... ?

– અંકારા

(૬) તુર્કી રાષ્ટ્રપતિ... ?

– એર્દોગન

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧